# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન –૨૧ મંદિર સ્થાપત્ય અને મૂર્તિ વિધાન

વ્યાખ્યાતા- શ્રી નિસર્ગભાઈ આહિર
તારીખ – ૦૫/૦૫/૨૦૨૩

મંદિર માટેના શબ્દો દેવાલય, દેવપ્રાસાદ, દેવસ્થાન, દેવાયતન, દેવગૃહ, દેવકુલ, દેવવાસ, દેવાગાર, દેવતાયતન, દેવતાગાર, ભવન, સ્થાન, વેશ્મ, કીર્તન, હર્મય વિહાર, ચૈત્ય, ક્ષેત્ર ઈત્યાદિ. નામો આપવામાં આવ્યા છે અને એથી ભાષા પણ સમૃદ્ધ થશે અને સંસ્કૃતિ અથવા તો કલા એના કેટલા બધા પાસાઓ છે એમાંથી આપણે બધા પસાર થશે. મંદિર  નું નિર્માણ શા માટે કરવામાં આવે છે.

**नगराणां भूषणार्थं देवानामालयाय च ।**
**लोकानां धर्महेतोश्च क्रीडार्थं सुरयोषिताम् ॥**
**आलयः सर्वभूतानां विजयाय जितात्मनाम् ।**
**धर्मार्थकाममोक्षाणां प्राप्तिहेतुर्मनस्विनाम् ॥**

'અપરાજિતપૃચ્છા' ગ્રંથ માં વાત કરવામાં આવી છે એ મુજબ  દેવપ્રાસાદ નગરના ભૂષણરૂપે, દેવતાઓના આવાસરૂપે, લોકોમાં ધર્મવૃદ્ધિના હેતુરૂપે, દેવાંગનાઓની ક્રીડાના રૂપે અને બધાં જ ભૂત-પ્રાણીઓના આશ્રયરૂપે, જિતાત્માઓના વિજયને માટે અને મનસ્વીઓના માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે બને છે. એટલે માત્ર એક જ હેતુ છે એવું નથી. આપણા ચારે ચાર જે પુરુષાર્થ છે એ બધા જ એમાં આવી જાય છે. જ્યારે આપણે ત્યાં જાહેર સ્થળો બાંધતા નહોતા એટલે કે આજે આપણે કોઈ કમ્યુનિટી હોલ બને છે કે સમાજની કોઈ વાડી બને છે એ નહોતું ત્યારે ગામ કે નગરમાં આવેલું મંદિર એ જ બધી પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું હતું એટલે ત્યાં નાટક પણ ભજવાય, ઉત્સવો ઉજવાય, જે કોઈ ધાર્મિક વિધિ વિધાન થતા હોય

સવાર સાંજની આરતી અને મંદિર જવું  તો એના કારણે તો દેવને ઉત્તમ અર્પણ કરવાનું તો એ રીતે જીવનને પણ પામવાનું તો એ આશાથી મંદિરો બને બન્યા. શુક્રનીતિ નામનો એક અદભુત ગ્રંથ છે. એમાં મંદિર વિશે કહેવાયું છે કે

मेर्वादिषोडशविधलक्षणान् सुमनोहरान् ।
वर्त्तुलांश्चतुरस्त्रान् वा यन्त्राकारान् समण्डपान् ॥
प्राकारगोपुरगणयुतान् द्विचित्रिगुणोच्छ्रितान् ।
यथोक्तान्तः सुप्रतिमा जलमूलान्विचित्रिवान् ॥

અર્થાત્, મંદિર મેરુ વગેરે સોળ પ્રકારનાં લક્ષણોથી યુક્ત, અત્યંત આકર્ષક, ગોળાકાર-ચતુષ્કોણ કે યંત્રાકારયુક્ત મંડપવાળું, પરકોટ અને વિશાળ દ્વારથી યુક્ત, સેવકસમૂહથી યુક્ત, લંબાઈ-પહોળાઈથી બે કે ત્રણ ગણી ઊંચાઈવાળું, જેની વચ્ચે શાસ્ત્રોક્ત વિધિથી બનેલી સુંદર દેવમૂર્તિ રાખેલી હોય અને ચારે બાજુ ખાઈમાં પાણી ભરેલું હોય અને જેમાં અનેક પ્રકારનાં ચિત્રો હોય તેવું હોવું જોઈએ.

આપણે જોઈએ કે સ્થાપત્યકલાની સાથે ચિત્રકલા પણ છે પ્રકૃતિનો એમાં સંયોગ પણ છે એટલે કે ચારે બાજુ પાણી ભરેલું છે. આપણી જે સૌંદર્ય આપણા મંદિર નિર્માણના જે આશયો છે કે શા માટે મંદિરનું અને શા માટે કે આપણે અત્યંત ભવ્ય મંદિર બનાવવા જોઈએ. આપણે આબુ જઈએ તો  આપણને લાગે કે કેટલા બધા કારીગર હોય અને એના દાતાઓએ કામ કર્યું છે તો જોઈએ કે મંદિરના નિર્માણની પાછળ આશય તો પરમ તત્વની પ્રાપ્તિનો છે ને દાન આપીને દાનની પણ સતત હોડ લાગતી હતી કે ઉત્તમ પ્રભુને અર્પણ કરવું એ ભાવના માંથી મંદિરોનું નિર્માણ થતું હોય છે.

મંદિરમાં જ્યારે પ્રવેશ કરીએ ત્યારે જે વિતાન હોય છે એના ઉપર સુંદર ચિત્રો હોય છે. દક્ષિણ ગુજરાતના જે જૈન મંદિરો છે એના જે ચિત્રો છે એનું સુંદર કામ થયેલું છે એના વિશે વસુદેવ સ્માંર્તે અદ્ભુત કામ કરેલું છે. અને જૈન મંદિરોમાં અદભુત ચિત્રો બનતા હતા. કમનસીબે આપણે જ્યારે એ મંદિરનો જીર્ણોદ્ધાર  કરીએ છીએ ત્યારે પ્રાચીન પરંપરાનો  નાશ થતો  હોય છે. પૂર્વે જે કંઈ પણ બન્યું છે એ હવે ચેતના સાથે બની શકવાનું નથી. પ્રાચીન ધારાઓ જે

છે એને જેમ બને એમ જાળવી રાખીએ અને એનો પ્રચાર અને પ્રસાર પણ થાય એ જરૂરી છે વાસુદેવ સ્મારતે આ ઉપર કામ કર્યું છે અથવા તો એલડી ઈન્ડોલોજીમાં કેટલાક ઉત્તમ કામ થયા છે ખાસ કરીને શિલચંદ્રસૂરીજી મહારાજ, ખાસ કરીને એમના ના પુસ્તકો એમને કલામાં બહુ રસ પડે છે, તો એનાથી આપણે અવગત થઈએ. વર્ષો પહેલા જૈન લાઇબ્રેરી ડોટ ઓઆરજી કરીને છે એમાં પણ ઘણા બધા પુસ્તકો મળી જશે. સારાભાઈ નવાબ નામના વ્યક્તિ થયા જે કલા રસિક હતા એમણે એમણેજૈન કલ્પદ્રુમ નામનો અદભુત ગ્રંથ આપ્યો છે જોતા આપણને ખ્યાલ આવે કે જૈન કલા વિશે કેટલું સરસ કામ થયેલું છે. એના કેટલા બધા પાસાઓ છે. એટલે જૈન મંદિરો માત્ર સ્થાપત્ય કલા નથી માત્ર શિલ્પ કલા પણ નથી એમાં ચિત્રો પણ બનતા, એ નવે નવ રસ યુક્ત હોય એવું વિષ્ણુધર્મોત્તરપુરાણ'ના 'ચિત્રસૂત્ર' તરીકે ઓળખાતા ખંડમાં ચિત્ર અથવા કલામાં નવ રસ આલેખિત કરવાનું કહેવામાં આવ્યું છે :

शृङ्गारहास्यकरुणवीररौद्रभयानकाः ।
बीभत्साद्भुतशान्ताश्च नव चित्रे रसाः स्मृताः ॥

શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્ભુત અને શાંત એ નવ રસ ચિત્રમાં કે કલામાં હોય છે.

देववेश्मनि कर्तव्या रसाः सर्वे नृपालये ।
राजवेश्मनि नो कार्या राज्ञां वासगृहेषु ते ॥

નવ રસને મંદિર અને રાજભવનમાં આલેખી કે દર્શાવી શકાય. પરંતુ, તેને રાજા જ્યાં રહે છે તે આવાસમાં દર્શાવવા ન જોઈએ. કયા ચિત્રો ક્યાં મુકવા ક્યા ચિત્રો કયો ભાવ આપે છે.

કયા ચિત્રો ક્યાં રાખવા ગયા ભાવ આપે છે એમ માટે એના ચોક્કસ નિયમો છે અને એના દ્વારા આપણા આ મંદિરોની રચના થઈ છે. મંદિર એ માત્ર દર્શન માટે નથી ભક્તિ પૂજા કે અર્ચના માટે નથી સમગ્ર રીતે ઘડનારા અનેક તત્વો લઈને આપણી સાંસ્કૃતિક અને કલાકીય એની ધારાઓને વિકસિત કરતા હોય છે. આપણે મંદિરમાં જઈએ તો આપણને ત્યાં પાંચે પાંચ કલાઓનો અનુભવ થાય છે .

કલાના પ્રકારો અને મંદિરમાં તેનો વિનિયોગ:

૧. સાહિત્ય : સ્તોત્ર, આરતી, ભજન, કીર્તન, પદ

૨. સંગીત : કીર્તન, નર્તન, ધૂન

૩. ચિત્ર : ભીંતચિત્ર, વિતાનચિત્ર, પિછવાઈ, રંગોળી

૪. શિલ્પ : સેવ્ય પ્રતિમા, સુશોભન પ્રતિમા, અલંકરણ

૫. સ્થાપત્ય : કર્ણપીઠ, મંડોવર, શિખર, વિતાન, મંડપ, તોરણ, સ્તંભ

સાહિત્ય સંગીત ચિત્ર શિલ્પ સ્થાપત્ય આ બધાનું આપણને અનુભવ થાય છે. કલાના બધા જ પ્રકારનો વિનિયોગ મંદિરમાં થયેલું હોય છે. સંગીતના ગુણધર્મો ને આપણે પામી શકીએ છીએ મંદિરની સંલગ્ન જ આ કીર્તન વગેરે થાય છે મંદિર ના દ્વારા સંગીતના જે કંઈ પણ ગુણો છે એ આપણે પામી શકીએ છીએ. મંદિરોની દીવાલો અને વિતાન ઉપર સુંદર ચિત્રો બનેલા હોય છે એનાથી આપણને ચિત્રકલા વિશેની જાણકારી મળે છે, એટલે આપણે મંદિરે જઈએ ત્યારે શુષ્ક એવી ક્રિયાઓ થતી નથી આપણે એ બધામાં સંલગ્ન થઈ જઈએ છીએ. સાહિત્ય, ચિત્ર કે સંગીત એનાથી આપણે સાથે નાનું બાળક પણ જો આંગળી પકડીને આવ્યું હોય તો એને પણ ખબર પડે છે કે એનામાં આ બધા સંસ્કારો દ્રઢ થાય છે. આ બધી જ નાની-નાની બાબતોનું ધ્યાન મંદિર નિર્માણ માં રાખવામાં આવ્યું હોય છે. રંગોળી થતી હોય કે ફૂલોના રંગો છે એનાથી આપણી રંગ અને ફૂલોની ચિત્રોની  ભાવના દ્રઢ બને છે.

શિલ્પ બે પ્રકારના હોય છે શિલ્પ સેવ્ય પ્રતિમા, જે મંદિરના ગર્ભ ગૃહમાં હોય. કેટલીક સુશોભનની પ્રતિમાઓ હોય છે, જે મંદિરના સ્તંભ ઉપર હોય વિતાન ઉપર હોય ઉપર હોય, સાલ ભંજીકાઓ હોય છે અને  અલંકરણ, સુશોભન કરવામાં આવ્યું હોય તેથી આપણા શિલ્પ કલાના સંસ્કારો દ્રઢો બની છે. મંદિર સ્વયં એક સ્થાપત્ય છે પણ એના ઘણા બધા ભાગો કર્ણપીઠ મંડોવર શિખર વિધાન મંડપ તોરણ સ્તંભ હોય છે. આપણે જ્યારે મંદિરમાં દર્શન કરવા જઈએ ત્યારે આ બધું જ કલાઓ ત્યાં કઈ રીતે પ્રયુક્ત થઈ છે એ પણ આપણે જોવાનું છે અને એ સંસ્કારો પણ આપણને મેળવવાના છે અને જ્યારે આપણી સાથે નાનું બાળક હોય ત્યારે આપણે એને કહેવાનું બતાવવાનું છે કે સ્થાપત્યના શિલ્પના ચિત્રના આ બધા અલગ અલગ અંગો પ્રકારો છે આપણે આ બધાના સંસ્કારો કઈ રીતે દ્રઢ કરવાના છે એના વિશે પણ સમજણ આપવાની છે. મંદિર સ્થાપત્ય એ માત્ર ભૌતિક નથી એ પણ એ ચેતના અને ઊર્જાથી

વ્યાપ્ત છે અને એક સાથે ઘણી બધી ઊર્જાઓ એમાં કામ કરતી હોય છે એટલે આપણે ભક્તિભાવ પૂર્વક અને નમ્રતા શ્રદ્ધાથી એમાં જોડાવાનું છે. કર્મકાંડ રૂપે જઈને આપણે એને ત્યાંથી પાછા આવી જવાનું એવું નથી કરવાનું . કેટલા બધા સારા લોકોના સારા વિચારોથી આ મંદિર નું પરિસર સમૃદ્ધ થયું હોય છે તો આપણે એના વાઇબ્રેશન્સ પણ ચાલવાના હોય છે. આપણા દૈનિક કામથી થોડીક આપણને નિરાંત પણ લાગે છે થોડોક સમય જ્યારે આપણે પ્રભુને આપતા હોઈએ છીએ ત્યારે અહીં ઘણા બધાનું જે સથિયારો મળ્યો હોય શ્રદ્ધા ભળેલી હોય ભક્તિ ભળેલી હોય દાન મળેલું હોય, એ કઈ રીતે ઉત્તમતા પ્રાપ્ત કરે છે. એનાથી પણ જો આપણે પોતાની જાતને અભિષેક કરીએ તો આપણા દર્શન સફળ બને છે એટલે એકાંગી નહીં પરંતુ સર્વાંગી દર્શન એ મંદિરનો આશય છે એ આપણે જાણી લઈએ.

મંદિર માનવાકૃતિનું રૂપ છે. આપણા જે શાસ્ત્રો છે એમાં મંદિરને માણસના અંગ ઉપર જોવામાં આવ્યું છે.મંદિરની પરિભાષારૂપ આ બધાં અંગો માનવશરીર પરથી જ આવ્યાં છે : જંઘા (સાથળ), જંગા એટલે મંદિરની ફરતી દિવાલ કિટ (કમર), ઉરુ (છાતી), સ્કંધ (ખભો), કંઠ (ગળું), ગ્રીવા (ડોક), મુખ (મોઢું), કર્ણ (કાન), નાસિકા (નાક), શીર્ષ (મસ્તક), શિખા કે શિખર (ચોટી) વગેરે. 'અગ્નિપુરાણ'માં મંદિરનાં આ અંગોને માનવઅંગો રૂપે જ પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. જગતથી થી લઈને એની શિખર સુધી માણસના અંગોને મળતો આવે છે. બૌદ્ધ ધર્મમાં પણ આવું થયું છે જે પેગોડામાં માણસની આકૃતિનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'ક્ષીરાર્ણવ' ગ્રંથમાં પણ મંદિરની રચના માનવાકાર રૂપે દર્શાવવામાં આવી છે, એ મુજબ આપણે જોઈ શકીએ છીએ કે :પાયાની શિલા-પગ,પાયા ઉપરની જગતી-જાંઘ,સ્તંભ-ઢીંચણ, ગર્ભગૃહ-ઉદર,દીપક-પ્રાણ, પ્રતિમા-પુરુષ, શિખરના સ્કંધ-ખભા કલશ-મસ્તક, પ્રનાલ-ગુદા, શુકનાસ-નાસિકાગ્ર, શિખર ની બંને બાજુ આવેલી નાસિકાઓ છે. આમલક શિખર ની ઉપર આવેલું હોય ગ્રીવા-ગળું,ધ્વજા-કેશ,પથ્થર-હાડ,કકરા-સ્નાયુ, દ્વારનો કુંભીથી તળ નીચેનો ભાગ-લિંગ ઘંટ-જીભ,પીઠિકા-હૃદય, ગવાક્ષ-કર્ણ,ચૂ નાનો લેપ-ત્વચા, શૃંગિકા-ચક્ષુ, એટલે આ રીતે મંદિરને આપણે પથ્થરની રીતે ના જોવું જોઈએ એટલે પ્રતિમા જે છે એ સાક્ષાત પુરુષનું

આત્મા છે, દીવડો જે પ્રગટે છે એ પ્રાણ છે. એટલે મંદિરના અંગો જે છે એ માનવા કૃતિ જ છે એમ માનીશું ત્યારે આપણને એની જીવંતતા એની પ્રતીતિ થશે. તો મંદિરમાં આપણે એ રીતે જઈએ કે આપણા પૂર્વજોએ જે કલ્પના કરી છે એમાં જીવંત તને કેન્દ્રમાં રાખી છે. અહીં આપણે માનવાકૃતિ દેવની આકૃતિને વિવિધ સ્વરૂપે મંદિરમાં જોઈ શકીએ છીએ. દક્ષિણ મંદિરોમાં સુતેલી માનવાકૃતિમાં મંદિર આપણને દેખાય છે. બૌદ્ધ ધર્મના પેગોડા બને એમાં પણ આ પ્રકારની આકૃતિઓ બનતી હોય છે. હિન્દુ અને જૈન મંદિરોમાં આપણે યંત્રની રચના જોઈ શકીએ છીએ. જેને આપણે મંદિર કહીએ છીએ એની રચના પાછળ એક કરતાં અનેક અવધારણાઓ કામ કરતી હોય છે. મંદિરને આપણે ચેતનવંત ભગવાનની પ્રતિમા તરીકે જોવું જોઈએ. મંદિર રચનામાં ઘણી બધી વિવિધતાઓ આપણને જોવા મળે છે.

મંદિર બને ત્યારે એની પાછળ ભૂમિ પરીક્ષણ, કારીગર જે છે એ ઉપાસક છે. એટલે પથ્થર ને એ ઘડવાનું કામ કરે છે કે કોતરણી નું કામ કરે, કડીયાઓ  બાંધવાનું કામ કરે ત્યારે એ સૌથી પહેલા ભગવાનને યાદ કરે છે. આ બધી જ ક્રિયાઓમાં ભગવત પ્રીતિ રહેલી છે. એ એના ઓજારોની પણ પૂજા કરે છે એ રીતે પવિત્રતાનો સંબંધ રહેલો છે. આપણે બધા જાણીએ છીએ કે પ્રતિમાની જ્યારે પધરાવવામાં આવે ત્યારે એની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે એ પછી મંદિરમાં તો પવિત્રતાના ગુણધર્મો છે જ પ્રાણ પ્રતિષ્ઠા કર્યા પછી એ પ્રતિમા જીવંત બની જાય છે સાક્ષાત બની જાય છે એટલા માટે આપણે દર્શન કરવા માટે મંદિરમાં જઈએ છીએ ત્યાં ભગવાનનો આપણને સાક્ષાત પરિચય પણ થાય છે. આપણે ભગવાન સાથે આંખમાં આંખ પરોવીને એક ધ્યાન થઈએ છીએ ત્યારે દિવ્ય ચેતના આપણામાં પણ પ્રવેશ કરતી હોય છે. મંદિરે જવું એ ખૂબ જરૂરી છે કારણ કે આપણો જે નિત્યક્રમ એમાં આપણે મંદિર અથવા તો કોઈ સારી વસ્તુને વણી લઈએ છીએ ત્યારે એ જે આશય છે એ ઘણું બધું બદલાવ લાવતો હોય છે. એટલે બાળકોમાં પણ સંસ્કારો નાખવાના મંદિરમાં જવાના. નમ્રતા દિવ્યતા સૂચિતા ભવ્યતા આ બધા જ ગુણધર્મો એ મંદિરે જવાની કારણે મળે છે. ઘરમાં ગૃહ મંદિર હોય એ બરાબર છે પણ તીર્થયાત્રાએ પણ જવું અને નગરમાં જે મંદિર હોય ત્યાં પણ જવું એ જવાનું

છે સંસ્કાર છે એ આપણામાં એ આપણામાં એક ચોક્કસ પ્રકારની ઉર્જા નો સંચાર કરતા હોય છે.

મંદિરોના અનેક પ્રકારો આપણને મળે છે.

નાગર,દ્રાવિડ,વલભી,વિમાનક,મિશ્રક,વરાહ,સાંધાર,ભૂમિજ,વિમાન નાગર,વિમાન પુષ્પક, લલિતન,ફ્રાંસનાકાર, સિંહાવલોકન,રથારૂહ.

મુખ્ય ત્રણ પ્રકાર છે નાગર દ્રવિડ અને વેસર ના મંદિરો છે. પશ્ચિમ ભારતમાં અને મધ્ય ભારતમાં જે મંદિરો બન્યા છે એની શૈલી નાગર શૈલી છે. દક્ષિણ ભારતમાં ગોપુરમ યુક્ત એટલે ઊંચા મંદિરો બને છે એ દ્રાવિડ શૈલીના છે અને ઓરિસ્સામાં જે મંદિર બને છે એ વેસર શૈલીના છે. આ રીતે ઘણા બધા પ્રકારના માંથી મુખ્ય ત્રણ પ્રકાર છે. આપણે જ્યારે ગુજરાત મહારાષ્ટ્ર અને રાજસ્થાન ની વાત કરીએ ત્યારે આપણને જે મંદિરો જોઈએ છે એ નાગર શૈલીના મંદિરો છે. એની રચના પણ જોઈએ તો અલગ અલગ મંદિરો છે અને આમાં પણ શિખરો ના અલગ અલગ પ્રકાર આપણને જોવા મળે છે, અલગ અલગ નામથી ઓળખાય છે

મંદિરમાં પ્રતિમા તો ક્યાંય પણ હોય, આપણા ઘરમાં ગોખલો હોય ગવાક્ષ હોય એમાં પણ આપણે ભગવાનની પ્રતિમાનું આરોપણ કરી શકીએ. ત્યાં ભક્તિભાવનું ફરક નથી પડતો. ઈશ્વર તો સર્વત્ર છે પણ જ્યારે ભવ્યતા એમાં સંકળાય છે ત્યારે એ ભવ્યતા કે દિવ્યતા હેતુઓ મંદિર નિર્માણનું ત્યાં રોજ થતાં વિધિ છે એ, લોકોને જાય તો લોકોની આંખોનું પ્રતિમા ઉપર અભિષેક હોય અને એક ચોક્કસ હેતુથી જવું એ આપણા સંસ્કારોને ઘડે છે એટલા માટે મંદિરમાં જવું અને મંદિરના જે નિર્માતાઓ છે જેને શાસ્ત્રો લખ્યા છે એમણે હંમેશા કશુંક નવું ને નવું ઉત્તમ ઉત્તમ ઉમેરવાનું પ્રયાસ કર્યો છે એટલે જ આપણે ત્યાં પાલીતાણાની યાત્રા જવાનું હોય કે તારંગા જવાનું હોય કે આબુ જવાનું હોય એનું મહત્વ છે. યાત્રીકોનો પ્રવાહ જાય છે અને એક શુભ આશય થી જવાનું હોય છે. આપણે થિયેટરમાં જઈએ ત્યારે આપણું આશય છે જુદા પ્રકારનું હોય અને મંદિરમાં જઈએ ત્યારે જુદો આશય હોય એ દિવ્યતા સાથેનો આશય છે એની પોઝિટિવ એનર્જી આપણને મળતી રહેતી હોય છે.

સામાન્ય પરિચય જોઈએ તો ઉપર આમલખ હોય છે એની નીચે શિખર હોય છે મુખ્ય શિખર ની નીચે એક ગર્ભ ગૃહ હોય છે જ્યાં દેવની પ્રતિમા હોય છે. ઘણા મંદિરમાં દેવની પ્રતિમા પાસે પ્રદક્ષિણ પથ પણ હોય છે હિન્દુ ના ભવ્ય મંદિરો જેને સાંધાણ મંદિર પણ કહે છે મોટાભાગના મંદિરોમાં પ્રદક્ષિણા પથ નથી હોતો એ બહારની બાજુમાં હોય છે.

ખજૂરાહોના મંદિરો ઉત્તમ મંદિરો છે બધા સાંધાણ મંદિરો છે. પ્રતિમાં અને મંડપની વચ્ચે દેવની પ્રતિમા અને મંડપની વચ્ચે એક અંતરાલ હોય છે જ્યાં ભકત  ઊભા રહી અને ભગવાનની પ્રતિમાને નિહાળી શકે છે દર્શન કરી શકે છે. અંતરાલ ની પહેલા એક મહામંડપ આવતો હોય છે એમાં વિધિ વિધાનો થતા પછી અર્ધ મંડપ હોય પછી પ્રવેશ દ્વાર હોય. એ આ આખી નાગર શૈલીના મંદિરો છે એને આ રીતે જોવાના હોય છે. એમાં ઘણી બધી રચનાઓ આપણને જોવા મળે છે આકૃતિ પ્રમાણે આ મંદિરો જોઈ શકાય છે. જંઘા અને શિખર એ મંદિરનો મુખ્ય ભાગ છે.

અભીસ્થાન એ જમીન સ્થરથી  લઈને જે ઊંચાઈ છે મંદિરની જે પહેલો પટ બને છે એને જગતી કહેવાય પછી જે દીવાલો છે જંઘા  કહેવાય  અથવા મંડોવર કહેવાય છે અને એની ઉપર જે મુખ્ય હોય એ શિખર હોય ગર્ભ ગૃહ ઉપર હોય એ શિખર હોય પણ એની પહેલા અર્ધ મંડપ હોય પછી મહામંડપ હોય મહામંડપ ની ઉપર હોય એને વિતાન કહે છે. એના પણ એક ડોમ હોય છે પણ ગર્ભ ગ્રહનું શિખર સૌથી ઓછું ઊંચું હોય અને એના ઉપર એક આમલખ હોય કળશ હોય અને એની બાજુમાં ધ્વજ દંડ હોય તો આ રીતે પણ આપણે મંદિરને જોવું જોઈએ. દ્રવિડ  મંદિર પણ જુદા પ્રકારના હોય છે બહુ ફર્ક નથી હોતો . એની જે રચના છે એમાં દેવની પ્રતિમાનું જ રૂપ છે પણ પ્રદેશ ભેદે એની અલગ અલગ શૈલીઓ વિકસી છે. એમાં મૂળ તો આમલખ હોવાનું અને ધ્વજ દંડ પણ હોવાનું ગર્ભ ગૃહ પણ હોવાનું જે ગોપુરમ મંદિરથી દૂર એનો ભવ્ય પ્રવેશ દ્વાર હોય, દક્ષિણ મંદિરો છે એની જે જગ્યા બહુ વિશાળ હોય છે અને આપણી ત્યાં જે મંદિરો બન્યા છે ગુજરાતમાં એમાં એક પ્રકારનો કોટ હોય એવું ઓછું થયું છે ,પ્રમાણમાં ભવ્યતા ઓછી છે એમ નહીં પણ જે અંગોનું દક્ષિણના મંદિરોમાં ભાગ

ભજવે છે એ આપણે ત્યાં ઓછો થયો છે. બધા અંગોથી શરીર બને છે એ રીતે એમ આ અંગો મંદિર બને છે. શરીરમાં જે રીતે જીવાત્માં રહેલો છે અને ચેતન તત્વ થી આપણે વ્યવહાર કરીએ છીએ એ રીતે મંદિર પણ એક ચેતન તત્વ જ છે જે આટલા જુના મંદિરો સદીઓ જોઈ ચૂક્યા હોય છે અને એનો જે કાળ દેવતા સમય એને જોઈ લે બધા ભક્તો એ બધું એક સાથે આપણી સામે આવે. મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા પામેલી પ્રતિમા હોય છે ત્યારે આપણે ભગવાનને મળવા જઈએ છીએ ત્યારે સંવેદના પણ આપણે રાખીએ. તો આપણે સમજવાનું છે કે કેટલા બધા લોકોએ આ ને સ્પર્શે છે અને પવિત્ર હેતુ રહેલો છે એનો સ્પર્શ આપણા પહોંચ્યો છે કે કેમ? પ્રતિમાની આંખોમાં આંખો પરોવીને આપણે જ્યારે આપણે આત્મ સમર્પણ ક્યારે કરીએ જ્યારે આપણામાં બધું ખાલી થઈ જાય ત્યારે દેવ આપણામાં પ્રવેશ કરતાં હોય છે . ત્યારે મંદિરમાં જઈએ ત્યારે ખાલી થવાનું ભાવ રાખવાનું. પૂજન રૂપે દેવ સ્થિત છે એને આપણામાં ભરવાનું છે તો જ મંદિરના દર્શનનો હેતુ સરસે નહીંતર એ માત્ર ક્રિયા કાંડ થઈ જશે એવું પણ બને તો મંદિરમાં જઈએ ત્યારે સંવેદનશીલ બનવું એને સમગ્ર દેવાકૃતિ તરીકે આપણે માનશું ત્યારે એ થશે.વેસરશૈલીનું મંદિર ની આકૃતિ પણ જુદા પ્રકારની હોય છે. તે આંધ્રપ્રદેશના કેટલાક વિસ્તારોમાં અને વિશેષ ઓરિસ્સામાં એ જોવા મળે છે.

નાગર શૈલીના મંદિરનાં અંગો

ગર્ભગૃહ અંતરાલ પ્રદક્ષિણાપથ ગૂઢમંડપ રંગમંડપ પ્રવેશચોકી સોપાનપથ કર્ણપીઠ પ્રવેશ ચોકો મંડોવર ઉરુશૃંગ શિખરબંત મંડાવર પ્રવેશ કી શંગિકા શુકનાસ આમલક ધ્વજદંડ કલશ વિતાન સામરણ તોરણ ગવાક્ષ કર્ણપીઠ સ્તંભ કક્ષાસન વગેરે હોઈ છે. મંદિર બને તો એમાં યંત્રની એક આકૃતિ હોય છે, જે પ્રાણ તત્વ હોય નાગર શૈલીના મંદિરોમાં.

ખજૂરાહોના મંદિરો અત્યંત સુંદર છે સાંધાણ શૈલી છે જેને કલા માં રસ પડતો હોય સ્થાપત્યમાં રસ પડતો હોય એણે ખજુરાહો ચોક્કસ જવું જૈન મંદિરો પણ છે એ પણ અદભુત મંદિરો છે. મજાની વાત તો એ છે કે બધા જ મંદિરો સરખા છે એ જૈન મંદિર હોય કે હિન્દુ મંદિર હોય એમાં એવો કોઈ ભેદ રહ્યો નથી. પૂર્ણ મંદિર એ કંદરિયા મહાદેવનું મંદિર છે. મંદિરના બધા

અંગોને જાણી શકો. ખજૂરાહોમાં ખાસ નોંધ્યું છે કે મંડપમાં નૃત્ય માટે એક ખાસ ચોકી પણ હોય છે ત્યાં દેવદાસીઓ પણ નૃત્ય કરતી હતી ગાયન પણ થતું હતું.

મંદિરનું જે ઘુમ્મટ હોય વિધાન હોય એના પણ અલગ અલગ પ્રકાર પડે છે. ઉત્તમ વિતાન રાણકપુર અને આબુના મંદિરોમાં જોવા મળે છે.આકારની દૃષ્ટિએ ઘુમ્મટ-વિતાનના પ્રકાર : ક્ષિપ્તાનુક્ષિપ્ત એ લટકતા હોય ઉદિતાની સમતલ ગોળ વિત્તાન એટલે છત સુંદર હોય છે.હવે જ્યારે પણ આબુ જઈએ ત્યારે આ ખાસ જોજો કે કેટલી કમાલ કારીગર એ કરી છે ભગવાનની પ્રતિમા તો ભવ્ય અને દિવ્ય હોય જ પણ મંદિરના એક એક અંગમાં પણ દિવ્યતા વસેલી છે અને એ રીતે જોવાની વાત છે. દુઃખ એ વાતનું થાય કે દાતાઓએ આટલું દાન આપ્યું હોય ભગવાનતો એ આટલો શ્રમ  લીધો હોય એના માટે એની તમામ ચેતના એમાં વાપરી નાખી હોય ખર્ચી નાખી હોય, કેટલા બધા વર્ષોથી યાત્રિકો ત્યાં જતા હોય તો પગલાથી પાવન થયેલી ભૂમિ હોય, દર્શનાર્થીઓ જાય અને ફટાફટ પાછા આવે એ દર્શને જઈ આવ્યા એ વાત છે, પણ એવું ના કરતા નિરાંતે જવું ભગવાનને થોડુંક તો સમય આપો, ભગવાને આખી જિંદગી આપી છે ત્યારે ભગવાનને થોડુંક સમય તો આપવો જ જોઈએ. આ ચેતન એ રુપ છે એમ માનીને જોજો. એના અંગોને ખાસ સ્પર્શ કરજો જેથી ચેતના પ્રવેશ કરે. ઘર આપણું  જૂનું હોય એનો ઉમ્બરો હોય કે એની જે બારશાખ  હોય એમાં ચેતના કે સંવેદના પ્રાપ્ત કરતા હોઈએ એવી આ ભવ્ય વસ્તુ છે. મંડોવર એ મંદિરની બહારની દીવાલો એટલે ખૂબ સુંદર અલંકારણ જોઈ શકાય છે. એમાં અલગ અલગ સ્તરો હોય છે.

મંડોવરનાં મુખ્ય સ્તર :

ખુરક,કુંભક,કલશ,અંતરાલ,કપોતાલી,મંચિકા,જંઘા,ઉદ્ગમ,ભરણી,

શિરાવટ્ટી,માલા,છાદ્ય.કપોતાલી,

કેટલી બધી વિવિધતા જોવા મળે છે. શિલ્પ શાસ્ત્રમાં આપણને ભલે રસ ન પડે આ બધા નામ યાદ રાખવા જરૂરી નથી પણ એટલું તો આપણે ચોક્કસ જાણીએ કે  આ મંદિરોના નિર્માણમાં એક ચોક્કસ પ્રકારની શાસ્ત્ર રહેલું છે અને એને વિધિ વિધાનો છે એના નીતિ નિયમો પણ છે.

તોરણ-હિન્ડોલક,ઈલ્લીકા,ગવાલુકા અને  સ્તંભ ના પણ અલગ અલગ પ્રકારો આકૃતિ  જોવા મળે છે. મંદિરો વીજળી પડે અને  ભૂકંપમાં પણ ટકી રહ્યા છે ત્યારે એનું બાંધકામ કેટલું મજબુત એડવાન્સ  હશે એ જોઈ શકાય છે.

સ્તંભ સ્તંભના પ્રકાર : કુંભી સ્તંભ ભરણું સરું પાટ

ચોરસ : રૂચક ચોરસમાં ત્રણ ખાંચ ભદ્રક ચોરસમાં પાંચ ખાંચ : વર્ધમાન આઠ કોણ : અષ્ટક, વિષ્ણુકાન્ત, વજ્ર સોળ કોણ : દ્વિવજક, રુદ્રકાન્ત બત્રીસ કોણ : પ્રલિનક, સ્કંધકાત્ત ગોળવૃત્ત આ બધાં અલગ અલગ પ્રકારો મળે છે.

જગતીના પ્રકાર

સમચોરસ વીરભદ્રા લંબચોરસ સુપતાકા પૂર્ણભદ્રા ગોળભદ્રિકા જયા, સ્વસ્તિકા લંબગોળ આઠ કોણ સોળ કોણ અજિતા બત્રીસ કોણ અપરાજિતા. એના પણ ઘણા બધાં અલંકરણ જોવા મળે છે.

જગતીની ઊંચાઈના ૨૮ ભાગમાં વિભાજન :

ત્રણ ભાગ :જાડંબો બે ભાગ : કર્ણિકા ત્રણ ભાગ :

ત્રણ પદ્મપત્રયુકત સરપટ્ટિકા

બે ભાગ ખુરક

સાત ભાગ :કુંભક

ત્રણ ભાગ કલશ :

એક ભાગ અંતરાલ, : ત્રણ ભાગ કપોતાલી

ચાર ભાગ : પુષ્પકંઠ

જગતિ માં અલગ અલગ આકૃતિ હોય. ઉપર ૮-નરથર હોય એના પછી ૧૦-અશ્વત્થર હોય પછી હોય પછી ૧૨-ગજથર ૨૩-ગ્રાસ પટ્ટીકા હોય તો એમને  એમ મંદિર બન્યા નથી એના ચોક્કસ શાસ્ત્રો હોય છે એટલે ખ્યાલ આવશે હાથીઓની એક લાઈન હોય એના પછી અશ્વ ની લાઈન હોય આખું મનુષ્ય જીવન હોય છે. એની પાછળ ચોક્કસ આ બધી વિચારણાઓ રહેલી છે. બાર શાખા આપણે કહીએ છીએ બારણું. એમાં પણ એકદમ સુક્ષ્મ બારીક કોતરણી કામ હોય છે. એના પણ અલગ અલગ પ્રકારો છે. ત્રિ શાખા પંચ શાખા 17 શાખા નવ શાખા.

દ્વારની અંદર ગોખલો હોય એની અંદર દેવની પ્રતિમા હોય પાટલી હોય સ્તંભ હોય અને ઉપર છજો હોય.

શિલ્પ શાસ્ત્ર એટલે કે મૂર્તિ અંગેનું શાસ્ત્ર કે પ્રતિમા વિધાન કે મૂર્તિ વિધાન કહેવાય છે. મૂર્તિઓના પણ અલગ અલગ પ્રકારો હોય છે. એ પ્રતિમા મૂર્તિ રૂપે  લિંગ રૂપે હોય યંત્ર રૂપે હોય શાલીગ્રામ રૂપે હોય ચરનાર વિંદ- આ બધી સેવ્ય મૂર્તિઓના પ્રકાર છે. આ શિવલિંગ શિવજીના મંદિરમાં લિંગ અને યોની પૂજાય છે. અંબાજીના મંદિરમાં ખાસ કરીને જે શક્તિપીઠો છે એમાં યંત્ર પૂજાય છે. વૈષ્ણવો શાલીગ્રામની પૂજા કરે છે. ચરણારવિંદ જૈન મંદિરોમાં રાખેલા હોય છે, ચરણ પાદુકાઓ રાખેલી હોય છે. આ પ્રતિમાઓ પણ અલગ અલગ  કઈ ધાતુ માંથી બને રત્ન માંથી બને કાસ્ટ માંથી બને માટી માંથી બને પુષ્પથી બને છે. કેટલી સ્થિર હોય એને અચલ કહેવાય. કેટલીક પ્રતિમાઓ ચાલતી હોય છે. કેટલીક પ્રતિમાઓ જગન્નાથના મંદિરમાં જે પ્રતિમાઓ છે એ ચલ પ્રતિમાં  છે, ક્ષનિક છે. ગણપતિ વિસર્જન ની જે પ્રતિમાઓ છે એ ચલ પ્રતિભાવ છે એટલે કે ક્ષણિક પ્રતિમાઓ છે. ગણપતિની જે પ્રતિમાઓ હોય છે એનું આપણે વિસર્જન કરીએ છીએ. કેટલીક માટીમાંથી બનાવવામાં આવે છે એટલે એક ક્ષણિક પ્રતિમાઓ હોય છે, કેટલીક શાશ્વત હોય છે તો આ બધી તેની તેના અલગ અલગ પ્રકારો છે. કેટલીક આખી પ્રતિમાઓ હોય છે કેટલીક અર્ધ શરીર વાળી હોય છે અને કેટલીક અડધાથી ઓછા શરીર વાળી પણ હોય છે એને ચિત્રભાસ કહેવાય આકૃતિ ના આધારે એના પ્રકારો પડે છે શરીર સ્થિતિને આધારે પ્રતિમાના પ્રકારો પડે છે ઉપલી હોય બેઠેલી હોય કે સુતી હોય કે કામ કરતી હોય એના આધારે પ્રતિમાના નામ પડ્યા છે. પ્રતિમા જેમકે બાહુબલી ની પ્રતિમા છે તો એ આસ્થાનિક પ્રતિમા કહેવાય છે. બેઠેલી પ્રતિમાઓ હોય એ આસનવાળી પ્રતિમા કહેવાય છે. કેટલીક  પ્રતિમાઓ શયન પ્રતિમાઓ કહેવાય છે વિષ્ણુ ભગવાનની મૂર્તિ મળે છે. ભંગ નિ દ્રષ્ટિએ પણ પ્રતિમાના ભંગ ત્રિભંગ અતિભંગ એમ જુદા જુદા પ્રકાર પડે છે ભંગ એટલે વાળ બહાર અંશે પ્રતિમાઓ હોય છે એને અત્યંત ભંગ આપેલો હોય છે. એ પ્રતિમાઓ કેવું કાર્ય કરે તો યોગ ભોગ વીર અને અભિચારક કાર્યના આધારે પણ પ્રતિમાના પ્રકારો પડે છે. સંપ્રદાયોના આધારે પણ પ્રતિમાના ભાગ પડે છે સૌર  વૈષ્ણવ ગણપત્ય  શાકત બૌદ્ધ

અને જૈન. આપણે ત્યાં હિન્દુ ધર્મમાં પાંચ ભાવની વાત કરેલી છે પાંચ સંપ્રદાય પ્રમાણે પાંચ ભાવ હોય છે. પ્રતિમા છે એનું એક માપ હોય છે એને તાલમાન કહેવામાં આવે છે. 12 આંગળનું એક તાલ કહેવાય. એ કઈ રીતે બને તો એના પણ ચોક્કસ શાસ્ત્ર છેતાલમાનના આધારે પ્રતિમાપ્રકાર :

નરમૂર્તિ દશ તાલ

ક્રૂરમૂર્તિ : બાર તાલ

અસૂરમૂર્તિ સોળ તાલ

બાલામૂર્તિ : પાંચ તાલ

કુમારમૂર્તિ : છ તાલ

આ બધી જે મૂર્તિઓ બની હોય છે એની પ્રેરણા પ્રકૃતિ માંથી લેવામાં આવે છે. જેમ કે મોહ છે તો એ અંડાકાર હોય. ખાસ કરીને નેપાળમાં જે મૂર્તિઓ હોય એનું મુખ જે હોય એ પીપળાના પાનમાંથી બનેલ હોય, ખંજન પક્ષીમાંથી હોય પોપટની ચાંચમાંથી હોય પ્રકૃતિ માંથી આ પ્રતિમાના અંગો બનેલા છે તો આ સૂક્ષ્મ શાસ્ત્ર છે. એને આપણે શાંતિથી જોઈએ તો ખબર પડે કે પ્રતિમાનું એક એક અંગનું નિર્માણ નું ઘણું ભાગ હોય છે.

પ્રતિમા જે છે એની ઓળખ કઈ રીતે કરવી? તો આપણે જાણીએ છીએ કે આપણા મોટાભાગના જે 24 તીર્થંકરો છે એ સરખા લાગતા હોય છે પણ એના લાંછનના આધારે એની ઓળખ કરવામાં આવે છે. તો અન્ય પ્રતિમાને ઓળખવી હોય તો શું કરવું? તો એની પીઠિકા એનો આસન કયું છે એનું આયુદ્ધ કહ્યું છે પ્રતિક શું છે વાહન કયુ છે કઈ મુદ્રા છે અલંકાર કેવા છે ભંગ કેવો છે એનો પરિકર કેવો છે અને એની પ્રભાવલી કેવી છે તો આ ને આધારે પ્રતિમાની ઓળખાણ આપણે કરી શકીએ છીએ. બેસવાની રીત કેવી હોય લલિત આસન અર્ધ વર્તુંકાસન વંગાસન પદ્માસન ઉત્કટાસન પ્રેતામન વિરાસન ભદ્રપિડ પદ્મપીઠ ગોપાલાસન વગેરે વગેરે પીઠ એટલે કે એ જેના ઉપર બેસે છે એ પલાઠી વાળીને બેસે કે એક પગ ઉપર રાખીને બેસે એ પ્રમાણે આસન કહેવાય છે.

હવે આપણે આસન ના મુખ્ય પ્રકાર જોઈએ સુખાસન સંપાદન અલિદાસન ઉદ્ધાટન પદ્માસન લલિતાસન અને યોગાસન છે. હાથની મુદ્રા તો એ હાથ કઈ રીતના છે કરપટ મુદ્રા સિંહ કર્ણ ગજગહ ભૂમિ સ્પર્શ આદિ મુદ્રા ના આધારે જોઈ શકાય છે. આ બધી મુદ્રાઓ નાટયશાસ્ત્ર માંથી લેવામાં આવેલી છે. આંગળીની પણ અલગ અલગ મુદ્રાઓ છે અભય વરદ અંજલી મુદ્રા સૂચિ મુદ્રા જ્ઞાન મુદ્રા ને તર્જની મુદ્રા. દેવ જે છે એ આયુદ્ધ પણ રાખતા હતા. તો એમના આયુધ ના આ કારણે પણ એમની ઓળખ થાય છે. ચક્ર વિષ્ણુ ગદા વિષ્ણુ સારંગ વિષ્ણુ ત્રિશુલ શિવ પરશુ પરશુરામ વજ્ર ઈન્દ્ર. જૈન પ્રતિમા હોય તો કેટલીક પ્રતિમાઓ સામાન્ય હોય છે. કેટલાક દેવદેવીઓ હિંદુ ધર્મ અને જૈન ધર્મમાં સરખા છે. એની કથાઓ પણ આપણને મળે છે કૃષ્ણ કથા છે જૈન ધર્મમાં પણ આવે છે અને હિન્દુ ધર્મ પણ આવે છે. આપણે ત્યાં સંસ્કૃતિનું આદાન પ્રદાન થતું રહ્યું છે ત્યારે કોઈ વાળા પણ નહોતા કોઈ ભેદભાવ પણ નહોતા એને કારણે ઘણી સહિષ્ણુતા સાંસ્કૃતિક સમૃદ્ધિ રહી છે. વિવિધતામાં એકતા એટલે જ આવ્યું છે. દેવ હોય એના વાહન પણ હોય તો વાહનના આધારે પણ એને ઓળખી શકાય છે જેમકે વાહન

હંસ બ્રહ્મા,મૂષક -ગણપતિ મગર : ગંગા નંદી શિવનાગ : વરાહ

ગરુડ વિષ્ણુ ઐરાવત : ઈન્દ્રશ્વાન ભૈરવ હરણ વાયુ

મોર-હંસ : સરસ્વતી મહિષ યમસપ્તાશ્વરથ : સૂર્ય

ઘેટું : અગ્નિ વ્યાઘ્ર-સિંહ :મગર વરુણ

આભૂષણ ઉપરથી પણ પ્રતિમાની ઓળખ કરવામાં આવે છે. કુંદક હોય વલય માલા હોય હાર હોય કટીસૂત્ર હોય આ બધાને આધારે પણ થાય છે. દેવોની પ્રતિમા આપણે ત્યાં ચીર યુવાન હોય છે. જૈન ધર્મમાં એવું નથી હોતું. એમના જે ઉપાસ્ય દેવો છે એ વીતરાગ છે પરિણામે એના આભૂષણો વગેરે કંઈ હોતા નથી સુખનો એમણે ત્યાગ કરેલો હોય છે એટલે આપણા જે સાધુ મહારાજ છે તે અને સાધ્વીજી છે એ સાદગી પૂર્ણ જીવન જીવતા હોય છે અને લોક કલ્યાણ અર્થે એમણે બધું ત્યાગ કર્યો હોય છે પણ મંદિરની જે પ્રતિમાઓ છે એ આભૂષણ યુક્ત હોય છે, યક્ષી હોય એ આ પ્રકારના આભૂષણો ધારણ કરે છે એવા મુકુટ, કુંડલ, ઉપગ્રીવા, હાર, હીણમાળા, સ્કંધમાળા, ઉદરબંધ, ઉરૂદામ, પાદજાલક ઇત્યાદિ. દેવોમાં છન્નવીર, કેયૂર, કટકવલય,અંગુલિ, યજ્ઞોપવિત, કટિસૂત્ર વગેરે. કેટલા બધા અલગ અલગ પ્રકારના આભૂષણો

આપણને જોવા મળે છે આ દરેક આભૂષણ અને આયુદ્ધ ઉપર તો આખે આખા ગ્રંથ લખાય એમ છે.

આમ મંદિરનું નિર્માણ એ એક મહાન ઘટના છે આપણી ચેતના અને એ વધારે ને વધારે વ્યાપ્તિલઈ જાય છે. આપણે વ્યક્તિ છીએ પણ આપણી ગતિ સમષ્ટિ સુધી હોવી જોઈએ. આ વસ્તુ જ્યારે આપણે સમજી લેશું ત્યારે આપણને બધામાં ભવ્યતા દિવ્યતા જોઈ શકાશે. એક પુષ્પ છે એનું એ પણ આપણને સર્જન લીલાનું એક અંશ લાગશે એટલે આપણે એ રીતે જ્યારે મંદિરને જોઈશું તો આખો દ્રષ્ટિકોણ બદલાઈ જશે. આપણે વ્યક્તિ મટીને આપણે સમષ્ટિમેય જવા સુધીની યાત્રા છે આ જીવનનું ઊર્ધ્વિકરણ છે મંદિરમાં જે દીપ પ્રચલિત થાય છે એનું કારણ આ જ છે. તમસમાંથી અંધકાર સુધી એ આ છે. આપણે મરણની પેલી પાર જવાનું છે એટલા માટે તો આપણે પૂજા અર્ચના કરીએ છીએ. સમષ્ટિ સુધી જવું એટલે બધું જ સત્યમ શિવમ સુન્દરમ એને સમગ્રતામાં પામવું. એમાં સંસ્કૃતિ ધર્મ અને ભક્તિ કામ કરે છે. ધર્મનું કામ તો સદાચાર એ તો છે જ તો સ્વયં પણ અંદરની યાત્રા કરવાની છે.

મુકુટ ના પણ અલગ અલગ પ્રકારો છે કિરીટ કરંદર અને જટા જે છે એ અલગ અલગ પ્રકારની હોય છે મોટી મૂર્તિઓ છે એને તમે ઓળખી શકો પણ અઘરું કામ છે. એક અભ્યાસ પછી તમને ખબર પડે કે યક્ષી કેવા હોય દાનવ કેવા હોય અસુર નું મૂર્તિ વિધાન કેવું હોય પંદરવો કેવા હોય યક્ષની કેવા હોય વગેરે ખબર પડે છે. આ બધાની કોતરણી કામ ખૂબ જ સુંદર હોય છે. માનવ કેવા હોય વ્યાલ પણ આપણે ત્યાં ખૂબ જ સુંદર ચિત્ર છે. અપ્સરા અને સુંદરીઓના કેટલા પ્રકાર છે. અપ્સરાઓ છે 32 પ્રકારની છે 16 પ્રકારની છે બધા નાઈકીક ના લક્ષણ જોઈએ તો આપણને ખબર પડે. આપ સર્વ ખાસ કરીને જે વિતાન પર ટેકા રૂપ મંદિરમાં ઉપર જાવ ત્યારે ઉપર નજર નાખશો ત્યારે અપ્સરાઓ ત્યાં જોવા મળશે એની ક્રિયાઓના આધારે એના અલગ અલગ નામ છે. હવે આપણે મંદિરમાં જ્યારે પણ જઈએ ત્યારે એક ચેતન રૂપ માની અને સત્યમ શિવમ સુન્દરમ નો સંયોગ કરીને એ રીતે જોવાનું છે.

*************************************************************